દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

રવિવાર ૩૧ મે, ૨૦૨૬

# લોરેન્સ બિશ્નોઈએ કેનેડા પોલીસને બાનમાં લીધી, ભારતે ચેતવા જેવું

લોરેન્સ બિશ્નો જેનું નામ પડતાં જ હવે કોઈપણ એક્ટર હોય કે વેપારી ધ્રુજી જાય છે. આ ખૌફ પહેલા દાઉદ ઈબ્રાહીમ ગેંગનો હતો પરંતુ લોરેન્સ બિશ્નોઈએ તેનું સામ્રાજ્ય દાઉદ ઈબ્રાહીમ કરતાં અનેક ગણું વિકસાવી દીધું છે. યુરોપ, અમેરિકા, કેનેડા, દક્ષિણ આફ્રિકા અને દક્ષિણ અમેરિકા દરેક ખૂણામાં તેનું નેટવર્ક છે. હવે હદ તો ત્યારે થઈ ગઈ છે કે, સાબરમતિ જેલમાંથી ઓપરેશન ચલાવતા બિશ્નોઈએ કેનેડાની બ્રિટિશ કોલંબિયા પોલીસને ખંડણી અને હિંસક ગુનાઓ પાછળનું એક સિન્ડિકેટ, લોરેન્સ ગેંગે બ્રિટિશ કોલંબિયા પોલીસને સીધો પડકાર ફેંકતો પત્ર મોકલ્યો છે. પત્રમાં દાવો કરવામાં આવ્યો છે કે કેનેડામાં તેના 1,000 થી વધુ સભ્યો અથવા ગ્રાઉન્ડ-લેવલ શૂટર્સ સક્રિય છે. આ પત્રથી કેનેડાના સુરક્ષા તંત્ર અને દક્ષિણ એશિયન સમુદાયમાં, ખાસ કરીને ભારતીય અને પંજાબી મૂળના ઉદ્યોગપતિઓમાં ગભરાટ ફેલાયો છે. ગુરુવારે કેનેડામાં દેશનિકાલની સુનાવણી દરમિયાન આ ખુલાસો થયો. કેનેડિયન મીડિયા અહેવાલો અનુસાર, ખંડણીના કેસોના મુખ્ય તપાસકર્તા અને એડમોન્ટન પોલીસ સર્વિસના એક ડિટેક્ટીવએ ઈમિગ્રેશન અને રેફ્યુજી બોર્ડ સમક્ષ જુબાની આપી હતી કે આ પત્ર 13 ઓગસ્ટ, 2025 ના રોજ બ્રિટિશ કોલંબિયાના એબોટ્સફોર્ડ પોલીસ સ્ટેશનમાં આવ્યો હતો. આ પત્રથી ભારતમાં જેલમાં બંધ લોરેન્સ બિશ્નોઈ સાથે જોડાયેલા કેનેડામાં સંગઠિત ગુનાના નેટવર્કનો પર્દાફાશ થયો છે. કેનેડિયન પોલીસ હવે પત્રની સામગ્રી અને તેના સ્ત્રોતોની સંપૂર્ણ તપાસ કરી રહી છે. કેનેડિયન મીડિયા અનુસાર, પત્રનો સૌથી ચિંતાજનક દાવો એ છે કે બિશ્નોઈ ગેંગે કેનેડિયન વિવિધ પ્રાંતોમાં મજબૂત હાજરી સ્થાપિત કરી છે. આ જૂથ પાસે કેનેડામાં ૧,૦૦૦ થી વધુ પગપાળા સૈનિકો છે, જે ગેંગના ઈશારે, ગમે ત્યારે, ગમે ત્યાં ગોળીબાર કરવા અથવા અન્ય હિંસક કૃત્યો કરવા માટે તૈયાર છે. પત્રમાં, બિશ્નોઈ ગેંગે તેમના આંતરરાષ્ટ્રીય ગુનાહિત નેટવર્ક અને સંગઠનની રચનાનું વિગતવાર વર્ણન કર્યું છે. તેમાં ભારતથી કેનેડા સુધી તેમનું સિન્ડિકેટ કેવી રીતે એકબીજા સાથે જોડાયેલું છે અને કેનેડાની ધરતી પર તેમની શક્તિ કેવી રીતે વિકસ્યું છે તેની વિગતો આપવામાં



આવી છે. દરેક વ્યવસાયે 'કર' ચૂકવવો પડશે પત્રમાં કેનેડામાં કાર્યરત ઉદ્યોગપતિઓ અને શ્રીમંત પરિવારોને સીધી ચેતવણી આપવામાં આવી છે. કેનેડિયન કાયદો અને વ્યવસ્થા માટે સીધો પડકારઃ આ પત્ર કોઈ વ્યક્તિ કે વ્યવસાયને નહીં, પરંતુ સીધો પોલીસ સ્ટેશનને મોકલવામાં આવ્યો હતો. તપાસકર્તાઓનું માનવું છે કે આ ગેંગ દ્વારા કેનેડિયન પોલીસ અને કાયદા અમલીકરણ એજન્સીઓને સંદેશ આપવાનો પ્રયાસ હતો કે તેઓ સરકારી તંત્રથી ડરતા નથી અને તેમનું નેટવર્ક અત્યંત મજબૂત છે. તેનું નેટવર્ક અને તેના શૂટર્સ કેનેડામાં આતંક મચાવે કે ખંડણી ઉઘરાવે તેની સાથે ભારતને કોઈ સીધી લેવાદેવા નથી પરંતુ ચેતવાનો સમય એટલા માટે છે કે ભારતના વેપારીઓ અને ઉદ્યોગગૃહોને આ ગેંગ ટારગેટ કરી શકે છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને ગોલ્ડી બરાડની ગેંગ સામે સતત કાર્યવાહી કરી રહી છે. આ દરમિયાન NIAએ ગેંગસ્ટર ટેરર કેસમાં કુખ્યાત ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ, ગોલ્ડી બરાડ સહિત અનેક નામચીન ગેંગસ્ટરો સામે ચાર્જશીટ દાખલ કરી હતી. NIAએ તેમાં ઘણા ખુલાસા કર્યા હતા. NIAએ તેની ચાર્જશીટમાં કહ્યું છે કે લોરેન્સ બિશ્નોઈ અને તેની આતંકી સિન્ડિકેટ અભૂતપૂર્વ રીતે ફેલાઈ ગઈ છે. દાઉદ ઈબ્રાહિમે જે રીતે 90ના દાયકામાં નાના-નાના ગુના કરીને પોતાનું નેટવર્ક સ્થાપ્યું હતું તે રીતે લોરેન્સે પણ પોતાનું નેટવર્ક સ્થાપ્યું છે. દાઉદ ઈબ્રાહિમે ડ્રગ્સ સ્મગલિંગ, ટાર્ગેટ કિલિંગ, ખંડણી રેકેટ દ્વારા પોતાનું સામ્રાજ્ય બનાવ્યું અને પછી તેણે ડી કંપની બનાવી. પછી તેણે પાકિસ્તાની આતંકવાદીઓ સાથે ગઠબંધન કર્યું અને પોતાનું નેટવર્ક વિસ્તાર્યું. જ્યારે દાઉદ ઈબ્રાહિમ અને ડી કંપનીની જેમ બિશ્નોઈ ગેંગે પણ નાના ગુનાઓથી શરૂઆત કરી હતી. પછી તેણે પોતાની ગેંગ બનાવી. હવે બિશ્નોઈ ગેંગે ઉત્તર ભારત પર કબજો જમાવી લીધો છે. ડેલી ગાર્ડિયનના અહેવાલ મુજબ રમેશ બિશ્નોઈએ કહ્યું કે, જ્યારે લોરેન્સ પંજાબ યુનિવર્સિટીમાં ભણતો હતો ત્યારે કોઈને અંદાજો ન હતો કે તે મોટો થઈને ગેંગસ્ટર બનશે. લોરેન્સ હંમેશા મોંઘા કપડાં અને જૂતા પહેરતો હતો. આજે પણ જ્યારે તે જેલમાં છે ત્યારે તેનો પરિવાર તેની સંભાળ રાખવામાં કોઈ કસર છોડી નથી. જેલમાં રહેલા લોરેન્સનો પરિવાર દર વર્ષે લગભગ 40 લાખ રૂપિયા ખર્ચ કરે છે.

પંજાબના ફિરોઝપુરમાં જન્મેલા લોરેન્સ બિશ્નોઈનું સાચું નામ બલકરણ બરાર છે. તે શાળાના દિવસોથી જ પોતાનું નામ બદલવા માંગતો હતો. તેણે તેની કાકીના કહેવાથી તેનું નામ બદલી નાખ્યું હતું. તેની કાકીએ તેને કહ્યું કે, લોરેન્સ નામ સારું લાગશે.

## ભલે જે થયું તે

એક ગામમાં અધિક મહિનામાં દાન આપવા માટે જાણે હોડ લાગી હતી.બધાં બ્રાહ્મણોને દેખાદેખીમાં દાન આપી રહ્યાં હતાં.એક ગરીબ બ્રાહ્મણ હતા. તેઓ ગોરપદું કરી ગુજરાન ચલાવતા.ઘરમાં ચાર ચાર બાળકો હતાં,ગોરાણી પતિને કૈંક વધુ પૈસા કમાવાનું કહેતા યજમાન પાસે ચાલાકીથી વધુ દાન દક્ષિણા મેળવવાનું કહેતા પણ બ્રાહ્મણ તો જે કામ મળે તે અને યજમાન જે દક્ષિણા મળે તેમાં રાજી રહેતા. સામેથી વધુ કંઈ ન માંગતા.

અધિક મહિનામાં બ્રાહ્મણ કથા વાર્તા કરાવીને આવ્યા ત્યારે ગોરાણીએ ખુશીથી આંગણે સામે દોડી આવીને કહ્યું, ''વાહ મારા ગોરમહારાજ, મારી વાત સમજી ખરી...તમારા કોઈ યજમાન દાનમાં એક ગાય આપી ગયા છે.'' બ્રાહ્મણ વિચારમાં પડ્યા કે મારા કયા યજમાન ગાયનું દાન કરી ગયા હશે? કોઈ આવી વાત નથી, જે હોય તે ગુપ્ત દાન કરવાની ઈચ્છા હશે.

ગોરાણી બહુ ખુશ હતાં. બોલ્યાં, ''બોલો આજે ખીર બનાવું કે કઢેલું દૂધ...'' બ્રાહ્મણ હજી વિચારોમાં હતા.ગોરાણી બોલ્યાં, 'કેમ કંઈ ન બોલ્યા...આંગણે ગાય આવી છે તો તમે ખુશ નથી?'' ગોર મહારાજ બોલ્યા, ''સારું સારું, છોકરાઓ પ્રેમથી દૂધ પીશે અને આનંદ કરશે.'' ગોરાણી બોલ્યાં, ''અરે, હવે તો દૂધ , માખણ, ઘી, છાશ બધું જ મળશે.'' બ્રાહ્મણ બોલ્યા, ''જેવી હરિ ઈચ્છા...''

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

બે દિવસ વીત્યા અને ત્રીજે દિવસે બ્રાહ્મણ કથાવાર્તા કરી ઘરે આવ્યા, ઘરમાં પગ મૂક્યો ત્યાં તો ગોરાણીએ તરત વડકું ભર્યું, ''આવી ગયા મારા મહારાજ...મારા નસીબ કે તમારે પનારે પડી...'' ગોર મહારાજને પત્ની કેમ ગુસ્સામાં છે તે ન સમજાયું.ગોરાણી બોલ્યાં, ''હું નાહક રાજી થતી હતી કે તમે દક્ષિણામાં ગાય મેળવી .....કોઈ ભૂલથી આપણા ઘરે આપી ગયું હતું. આજે બે માણસો આવી ગાય લઇ ગયા.''

ગોરાણીની આંખોમાં આંસુ આવી ગયા.ગોર મહારાજ બોલ્યા, ''ભલે જે થયું તે, જેવી હરિઈચ્છા...'' ગોરાણી બોલ્યાં, 'શું મેં વિચાર્યું હતું કે હવે દૂધ દહીંની ખોટ નહિ રહે અને શું થયું..'' બ્રાહ્મણ બોલ્યા, 'સારું થયું ને રોજ ગાયને દોહવાની ,નીરણ આપવાની ગાયના પોદરા ઉપાડવાની કડાકૂટ મટી...'' બ્રાહ્મણ હરિનામમાં વ્યસ્ત થઈ ગયા.

ગોરાણી દુઃખી દુઃખી હતાં અને ગોર મહારાજ તો ન ગાય મેળવવાનો આનંદ ...ન ગાય ગુમાવવાનું દુઃખ...ભલે જે થયું તે બોલીને શાંત.

જીવનમાં મનની શાંતિ અને સાચો આનંદ મેળવવો હોય તો બસ જે મળે તેમાં અતિ ખુશ ન થવું અને જે ગુમાવીએ તેને લીધે અતિ દુઃખી ન થવું.જો ન દુઃખ સ્પર્શે, ન સુખ માથે ચઢે અને જે થયું તે ભલે થયું તેમ વિચારી શાંત રહીએ તો જીવન સફળ છે.

# ભારતની ઊર્જા સુરક્ષાઃ ગલ્ફથી રશિયા અને અમેરિકા સુધીનાં બદલાતાં સમીકરણો

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

**વિશ્વના સૌથી મોટા ઓઈલ રિઝર્વ ધરાવતું વેનેઝુએલા ભારતની જટિલ રિફાઈનરીઓ માટે સસ્તું અને ભારે તેલ પૂરું પાડે છે, જે ગલ્ફ પરની નિર્ભરતા ઘટાડવામાં મદદરૂપ છે**

ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઊર્જા ઉપભોક્તા રાષ્ટ્ર છે અને તે પોતાની કુલ ક્રુડ ઓઈલની જરૂરિયાતનો લગભગ 85-90% ભાગ આયાત કરે છે. આ મોટી નિર્ભરતાને કારણે ભારત માટે તેલ માત્ર એક કોમોડિટી નથી, પરંતુ રાષ્ટ્રીય સુરક્ષાનો વિષય છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ભારતની ઊર્જા નીતિમાં મોટો બદલાવ આવ્યો છે, જ્યાં ભારતે માત્ર ગલ્ફ દેશો પર આધાર રાખવાને બદલે રશિયા, અમેરિકા અને વેનેઝુએલા જેવા સ્રોતો તરફ વૈવિધ્યીકરણ શરૂ કર્યું છે.

### ગલ્ફ દેશોઃ ભારતના ભૌગોલિક અને કુદરતી ભાગીદાર

દાયકાઓથી સાઉદી અરેબિયા, UAE, ઈરાક અને કતાર ભારત માટે ઊર્જાના મુખ્ય સ્તંભ રહ્યા છે. ગલ્ફ ભારતથી ભૌગોલિક રીતે અત્યંત નજીક છે. સાઉદી કે UAEથી તેલ આવતાં માત્ર 4 થી 10 દિવસ લાગે છે, જે ટ્રાન્સપોર્ટ ખર્ચ ઘટાડે છે અને તાત્કાલિક પુરવઠો સુનિશ્ચિત કરે છે. ભારતની મોટા ભાગની રિફાઈનરીઓ 'Heavy Sour Crude'ને પ્રોસેસ કરવા માટે બનેલી છે, જે ગલ્ફ દેશોમાં પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. પરંતુ હાલની સ્થિતિમાં હોર્મુઝની સામુદ્રધુનીમાં વધતો તણાવ ભારત માટે સૌથી મોટું જોખમ છે, કારણ કે ગલ્ફનું મોટા ભાગનું તેલ આ સાંકડા માર્ગેથી પસાર થાય છે.

### રશિયાઃ યુદ્ધના માહોલમાં આર્થિક તારણહાર

યુક્રેન યુદ્ધ બાદ રશિયા પર પશ્ચિમી દેશોના પ્રતિબંધોએ ભારત માટે નવી તક ઊભી કરી. રશિયા અત્યારે ભારતનો સૌથી મોટો ક્રુડ સપ્લાયર બની ગયું છે. રશિયા દ્વારા મળતા $10-$15 પ્રતિ બેરલના ડિસ્કાઉન્ટને કારણે ભારતનું આયાત બિલ ઘટ્યું છે અને સ્થાનિક મોંઘવારી પર લગામ રહી છે. જો કે, લાંબો શિપિંગ રૂટ (30-40 દિવસ) અને આંતરરાષ્ટ્રીય પેમેન્ટ પરના પ્રતિબંધો હજુ પણ એક મોટો પડકાર છે.

### અમેરિકા અને વેનેઝુએલાઃ નવા વિકલ્પો

તાજેતરમાં અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ ભારત મુલાકાત દરમિયાન એનર્જી સપ્લાય અને સુરક્ષાને લઈને કહ્યું હતું કે 'ભારત જેટલી એનર્જી ખરીદવા ઈચ્છશે, અમે તેટલી વેચવા તૈયાર છીએ.' તેમણે જણાવ્યું કે અમેરિકાના ક્રુડ ઓઈલ અને LNG ભારત માટે ઊર્જાના સ્રોતોમાં વૈવિધ્ય લાવવાની અને અન્ય અસ્થિર દેશો પરની નિર્ભરતા ઘટાડવાની ક્ષમતા ધરાવે છે. ઉલ્લેખનીય છે કે ભારત અને અમેરિકા વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી હવે ઊર્જા ક્ષેત્રે પણ વિસ્તરી છે. અમેરિકા ભારતને LNG અને 'Light Sweet Crude' પૂરું પાડે છે. જો કે તેનો માર્ગ લાંબો (50-55 દિવસ) છે, પરંતુ તે અત્યંત વિશ્વસનીય છે. વિશ્વના સૌથી મોટા ઓઈલ રિઝર્વ ધરાવતું વેનેઝુએલા ભારતની જટિલ રિફાઈનરીઓ માટે સસ્તું અને ભારે તેલ પૂરું પાડે છે, જે ગલ્ફ પરની નિર્ભરતા ઘટાડવામાં મદદરૂપ છે.

### ભારતની 'મલ્ટિ-સોર્સ' વ્યૂહરચના

ભારત માટે હવે કોઈ એક દેશ પર નિર્ભર રહેવું જોખમી છે. ભારતની વર્તમાન ઊર્જા નીતિ હવે 'મલ્ટિ-સોર્સ' વ્યૂહરચના પર આધારિત છે. ભારત ગલ્ફ દેશોને પાયાના પુરવઠા માટે, રશિયાને આર્થિક લાભ માટે અને અમેરિકાને વ્યૂહાત્મક મિત્રતા તથા ગેસની જરૂરિયાત માટે ઉપયોગમાં લઈ રહ્યું છે. વેનેઝુએલા પાસે વિશ્વના સૌથી મોટા ઓઈલ રિઝર્વ હોવાથી તે પણ એક પૂરક સ્રોત તરીકે ભારત માટે મહત્ત્વનું છે. આ પ્રકારનું વૈવિધ્યીકરણ ભારતને માત્ર સસ્તું તેલ જ નહીં, પરંતુ ભૂરાજકીય મોરચે પણ ફ્લેક્સીબિલિટી અને સ્થિરતા પ્રદાન કરે છે, જેથી ભવિષ્યમાં કોઈ એક દેશ કે પ્રદેશમાં યુદ્ધ કે અસ્થિરતા સર્જાય તો પણ ભારતના ઊર્જા પુરવઠા પર સીધી આંચ ન આવે.

ભારતની ઊર્જા નીતિ હવે 'માત્ર કિંમત' નહીં પણ 'સપ્લાય સુરક્ષા' પર કેન્દ્રિત છે. ગલ્ફ દેશો ભલે ભારતના કુદરતી ભાગીદાર હોય, પરંતુ ભૌગોલિક અને રાજકીય જોખમોને જોતાં રશિયા અને અમેરિકા જેવા દેશો સાથેના સંબંધો ભારતના ભવિષ્યના વિકાસ માટે અનિવાર્ય છે. ભારતની આ મુત્સદ્દીગીરી તેને વૈશ્વિક ઊર્જા બજારમાં એક મજબૂત 'બાર્ગેનિંગ પાવર' આપી શકે તેમ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# રાહુલ ગાંધીની નિષ્ફળતાઃ વિપક્ષ માટે નવા ચહેરાની શોધ

સમયાંતર
રામચંદ્ર ગુહા

**પ્રજાસત્તાકનું પતનઃ મોદીની સત્તા અને ગાંધી પરિવારની સહભાગીદારી**

૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ પૂરી થયાના થોડા જ સમય બાદ હું કોંગ્રેસના એક યુવા ધારાસભ્યને મળ્યો. તેમણે મને તેમના નેતા રાહુલ ગાંધી માટે પાંચ સલાહ આપવા વિનંતી કરી. મેં કહ્યું કે મારી પાસે માત્ર એક જ સલાહ છે કે પ્રિયંકા ગાંધીએ વાયનાડથી લોકસભાની ચૂંટણી ન લડવી જોઈએ. મેં એ પણ ઉમેર્યું કે મને પૂરી ખાતરી હતી કે આ સલાહને નજરઅંદાજ કરવામાં આવશે.

એમાં કોઈ શંકા નથી કે, રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા'એ તેમની વિશ્વસનીયતા વધારવામાં અને તેમને જનતાના માણસ તરીકે રજૂ કરવામાં મદદ કરી હતી, પરંતુ ચૂંટણી પછી કોંગ્રેસ ફરી એક પારિવારિક કંપની તરીકે સામે આવી અને આ યાત્રાથી થયેલા ફાયદાઓ વેડફાઈ ગયા. પ્રિયંકા ગાંધી વાયનાડની બેઠક જીતી ગયાં અને તેમણે ખૂબ મોટા ઉપાડે વાતો કરી કે કેવી રીતે તેઓ અને તેમના ભાઈ મળીને દેશને એકજૂથ કરી રહ્યા છે-તેઓ દક્ષિણનું પ્રતિનિધિત્વ કરે છે અને રાહુલ ઉત્તરનું. ત્યાર બાદ, બંધારણની ૭૫મી વર્ષગાંઠ પર સંસદમાં ચર્ચા માટે કોંગ્રેસે પ્રિયંકાને મુખ્ય વક્તા તરીકે પસંદ કર્યાં, ભલે તે તેમના પોતાનાં જ દાદી (ઈન્દિરા ગાંધી) હતાં જેમણે કટોકટી લાદીને બંધારણને નુકસાન પહોંચાડ્યું હતું.

દરમિયાન, સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસે ૯૯ બેઠકો જીતતા જ રાહુલ ગાંધીની આસપાસના ખુશામતખોરોના ટોળાએ એવી જાહેરાત કરવાનું શરૂ કરી દીધું કે તેઓ હવે દેશના ભાવિ વડા પ્રધાન છે. .

રાહુલ ગાંધી આ પતનને રોકવામાં અસમર્થ રહ્યા છે. 'ધ પ્રિન્ટ'ના તાજેતરના અહેવાલ મુજબ, જ્યારથી રાહુલે-૨૦૦૮ની આસપાસથી કોંગ્રેસમાં ઔપચારિક નેતૃત્વની ભૂમિકા સ્વીકારી છે, ત્યારથી દેશભરમાં કોંગ્રેસના ધારાસભ્યોની સંખ્યા ઘટીને લગભગ અડધી થઈ ગઈ છે-જે ૧૨૦૪થી ઘટીને ૬૭૬ થઈ ગઈ છે.

જો કે, જ્યારે દેશના ભવિષ્યનો સવાલ હોય ત્યારે વ્યક્તિએ પોતાની વાત સીધી અને કડવી ભાષામાં કહેવી પડે છે. , તેઓએ કદાચ આશાના મુખ્ય સ્રોત તરીકે તેમના તરફ જોવાનું બંધ કરી દેવું જોઈએ. નરેન્દ્ર મોદીની સામે વડા પ્રધાન પદ માટે સંભવિત દાવેદાર તરીકે રાહુલ ગાંધીમાં શિસ્ત, ગંભીરતા અને યોગ્ય અનુભવનો અભાવ સ્પષ્ટપણે દેખાઈ આવે છે. ત્યાં સુધી કે જ્યારે તેઓ ચૂંટણી પંચના પક્ષપાતી વલણ જેવો કોઈ મહત્ત્વનો મુદ્દો ઉઠાવે છે, ત્યારે પણ તેઓ ભાગ્યે જ તેને લાંબા સમય સુધી વળગી રહે છે. આપણે તેમને 'વોટચોરી' પર ક્યારેક પત્રકાર પરિષદ કરતાં જોઈએ છીએ અને તે પછી તરત જ તેઓ યુરોપ કે લેટિન અમેરિકાના પ્રવાસે નીકળી જાય છે. હકીકત તો એ છે કે, રાજકારણમાં તેમની બાવીસ વર્ષની સફરમાં માત્ર 'ભારત જોડો યાત્રા'ના તે થોડા મહિનાઓ દરમિયાન જ રાહુલ ગાંધીએ એવી એકાગ્રતા અને સખત મહેનત બતાવી હતી, જે ભાજપના નેતાઓ હંમેશાં કરતા રહે છે. આજકાલ, તેમની રાજકીય દખલગીરી મોટા ભાગે એક્સ પૂરતી મર્યાદિત છે, જેના પર તરત જ ઘણી લાઈક્સ તો મળી જાય છે, પરંતુ તે ૨૪ કલાકમાં ભુલાઈ પણ જાય છે.

. તો પછી ભારતનાં મતદારો આટલા મોટા, વિવિધતાથી ભરેલા દેશના અને વધુ ને વધુ પડકારજનક વૈશ્વિક વાતાવરણમાં, વડા પ્રધાન તરીકે તેમના પર કેવી રીતે ભરોસો કરે?

છેલ્લે, રાહુલ ગાંધીમાં ભૂતકાળની ભૂલોમાંથી શીખવાની ભારે કમી છે. ૨૦૧૯માં 'ચોકીદાર ચોર હૈ' અભિયાન ખરાબ રીતે નિષ્ફળ ગયું હતું, છતાં તેઓ સરકારની નિષ્ફળતાઓ અથવા પોતાના પક્ષને જમીની સ્તરે બેઠો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે વડા પ્રધાન પર વ્યક્તિગત હુમલા કરવાનું ચાલુ રાખે છે. કોંગ્રેસનાં ઘણાં લોકો આ આલોચનાઓ સ્વીકારે છે, પરંતુ ગાંધી પરિવાર પ્રત્યેની આજીવન ભક્તિના કારણે તેઓ એવું વિચારે છે કે તેમના બદલે તેમની બહેનને ભાવિ વડા પ્રધાનપદનાં દાવેદાર તરીકે રજૂ કરવાં જોઈએ. મોડા-મોડા એ સમજાયા પછી કે રાહુલ 'નવા નેહરુ' નથી. તેઓ હવે આશા રાખે છે કે પ્રિયંકા 'નવી ઈન્દિરા' બનશે. એ વાત સાચી છે કે પ્રિયંકા હિન્દીમાં તેમના ભાઈ કરતાં ઘણી સારી વક્તા છે, જે ભાષા ભારતના મોટા ભાગનાં લોકો સમજે છે. જો કે, તેઓ પણ 'વંશવાદના વિશેષાધિકાર'નો બોજ વહન કરે છે અને કદાચ તેઓ મતદારોને આકર્ષવામાં તેનાથી પણ ઓછાં સફળ સાબિત થઈ શકે છે. પ્રિયંકાએ જે એકમાત્ર પ્રસંગે ચૂંટણી પ્રચારનું નેતૃત્વ કર્યું હતું-૨૦૨૨ની ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં-ત્યાં કોંગ્રેસનો વોટ શેર માત્ર ૨.૨૭% હતો.

અહીં નોંધવા જેવું છે કે, તાજેતરની વિધાનસભા ચૂંટણીઓમાંથી એક નવો પાઠ મળ્યો છે કે આ બધી ચૂંટણીઓ વંશવાદના વિશેષાધિકાર પર એક નકારાત્મક ટિપ્પણી હતી. આસામમાં તરુણ ગોગોઈના પુત્ર દ્વારા કોંગ્રેસના પ્રચારનું નેતૃત્વ કરવાથી ભાજપને મદદ મળી અને પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજી દ્વારા તેમના ભત્રીજા અખિલેશને આગળ કરવાથી ફાયદો થયો. તમિલનાડુમાં વિજયને સ્ટાલિન દ્વારા તેમના પુત્ર ઉદયનિધિના પ્રમોશનથી મદદ મળી, જ્યારે કેરળમાં વિજયનના તેમના જમાઈને આગળ વધારવાથી કોંગ્રેસને ફાયદો થયો. અલબત્ત આમાં બીજાં ઘણાં પરિબળો કામ કરી રહ્યાં હતાં, પરંતુ આ પણ ચોક્કસપણે તેમાંથી એક હતું. કોંગ્રેસના આ પ્રથમ પરિવારની આ ટીકાઓનો અર્થ એ નથી કે હું વર્તમાન શાસનનું સમર્થન કરું છું. ૨૦૧૪માં મોદી સરકાર સત્તામાં આવી ત્યારથી લખાયેલા અસંખ્ય લેખોમાં મેં વિગતવાર દર્શાવ્યું છે કે, કેવી રીતે આ સરકારે સરકારી સંસ્થાઓને નબળી પાડી છે, પ્રેસ અને ન્યાયતંત્રને ડરાવી-ધમકાવીને દબાવ્યું છે, લોકશાહી પ્રક્રિયાઓને નુકસાન પહોંચાડ્યું છે, ધાર્મિક લઘુમતીઓ પર અત્યાચાર ગુજાર્યો છે, ભૂલોથી ભરેલી વિદેશ નીતિ અપનાવી છે, ભારતીય વિજ્ઞાનને નુકસાન પહોંચાડ્યું છે, ભાઈ-ભત્રીજા વાદવાળા મૂડીવાદ પ્રોત્સાહિત કર્યું છે અને આપણાં જંગલો, જમીન, પાણી અને હવાને તબાહ કરી દીધાં છે.એમાં કોઈ શંકા નથી કે, મે ૨૦૧૪થી લઈને અત્યાર સુધીમાં આ પ્રજાસત્તાકની બરબાદીના મુખ્ય સૂત્રધાર નરેન્દ્ર મોદી, અમિત શાહ અને તેમની પાર્ટી ભાજપ છે. અત્યારે, મોદીના નેતૃત્વમાં ભાજપ અજેય દેખાય છે. પરંતુ હંગેરીમાં વિક્ટર ઓર્બાન અને તેમની ફિડેઝ પાર્ટી પણ આવી જ મજબૂત દેખાતી હતી, છતાં ત્યાં સુધી અજાણ્યા એવા પીટર મેગ્યાર અને તેમની નવી તિસ્ઝા પાર્ટીએ તેમને સત્તા પરથી જોરદાર રીતે હટાવી દીધા. રાજકારણમાં તાજેતરના અન્ય એક મોટા ઉલટફેરનું ઉદાહરણ ન્યૂયોર્કની મેયરની ચૂંટણીમાં ઝોહરાન મામદાનીની જીત છે, જ્યાં આ યુવા બળવાખોરે એક તદ્દન બહારના વ્યક્તિ તરીકે શરૂઆત કરી હતી, જેમને તેમના પોતાના પક્ષના વરિષ્ઠોએ નકારી કાઢ્યા હતા. ખાસ વાત એ છે કે, મેગ્યાર કે મામદાનીમાંથી કોઈ વંશવાદી નેતા નહોતા અને તેમની પાસે ભૂતકાળની ચૂંટણી નિષ્ફળતાઓનો કોઈ રેકોર્ડ નહોતો અને બંને ખૂબ જ સખત મહેનત કરવા સક્ષમ હતા.

એ પૂરી શક્યતા છે કે આગામી વર્ષોમાં ભાજપની આ અજેયતાની હવા નીકળી જશે. સરકારી શિક્ષણ ક્ષેત્ર સંપૂર્ણ અસ્તવ્યસ્ત છે; નીટ કૌભાંડ આનું જીવતું જાગતું ઉદાહરણ છે. કેન્દ્ર સરકારના આર્થિક ગેરવહીવટનો ખર્ચ હવે સ્પષ્ટ દેખાઈ રહ્યો છે-જે રૂપિયાના સતત અવમૂલ્યન, મૂડીના પલાયન અને રોજગારી ઊભી કરવામાં નિષ્ફળતામાં જોવા મળે છે. ખરેખર તો, રાજકીય કટાક્ષોની વધતી જતી લોકપ્રિયતા-જેમ કે 'કોકરોચ જનતા પાર્ટી'ના મીમ્સની સફળતા-દર્શાવે છે કે ઘણાં યુવા ભારતીયો હવે સત્તાધારી પક્ષના જુઠ્ઠાણાં અને પ્રોપગેન્ડાને ઓળખવા લાગ્યાં છે. જેમ જેમ આ અસંતોષ વધુ ઊંડો થશે ત્યારે તેને અસરકારક રાજકીય પડકારમાં કોણ બદલશે? તાજેતરના દાયકાઓમાં નબળી પડી હોવા છતાં કોંગ્રેસ જ ભાજપનો એકમાત્ર રાષ્ટ્રીય વિકલ્પ છે. પક્ષ પાસે અત્યારે જે નથી, તે છે એક વિશ્વસનીય અને પ્રભાવશાળી ચહેરો-એક એવો નેતા જે વર્તમાન સરકારની નિષ્ફળતાઓને ખુલ્લી પાડીને અને આર્થિક તથા સામાજિક નવનિર્માણનો સકારાત્મક કાર્યક્રમ રજૂ કરીને દેશભરનાં મતદારોને પ્રેરિત કરી શકે. એટલે કે, કોંગ્રેસને (અને એકંદરે વિપક્ષને) પોતાના જ દેશના, ભારતીય સંસ્કરણના મેગ્યાર કે મામદાનીની જરૂર છે. સવાલ એ છે કે શું પક્ષમાં આવા નેતાને શોધવાની અને તેને આગળ લાવવાની ઈચ્છાશક્તિ છે?

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વિકાસનો પાયો હચમચી રહ્યો છે

મોટા-મોટા સી-રીપોર્ટ, ગાર્ડન ગીફ્ટ સી.ટી. સાયન્સ સીટી, માછલીઘર બનાવવામાં કરોડો રૂપિયાનો ખર્ચ કરી એક વાર ઉદ્ઘાટન બાદ મરામત તથા દેખરેખના આયોજનના અભાવે કરોડોનો ખર્ચ ખંડેર બને છે. મોટાં મોટાં મંદિરોને સુંદર બનાવવા પાછળ કરોડોનો ખર્ચ, મંદિરને સાચા સોનાથી મઢવા તેમજ તેના દર્શન કરી બિરદાવવા પણ સાહેબ, ઊંચું જોઈને ચાલવા કરતાં પગની પાની જોઈને ચાલવાથી ખાડામાં ન પડાય. શિક્ષણ જે સમાજનો પાયા છે જે હચમચી રહ્યો છે! અને આમ જ ચાલ્યું તો ભારતનું ભવિષ્ય કેવું હશે?! (1) ફક્ત ગુજરાતમાં જ 2936 શાળાઓમાં એક જ શિક્ષકના ભરોસે ચાલે છે જે એકથી આઠ ધોરણનાં વિદ્યાર્થીને ભણાવે છે (2) 63 શાળાઓમાં એક પણ વિદ્યાર્થી નથી તેમ છતાં 78 શિક્ષકો પગાર મેળવે છે. (3) રાજ્યમાં 42000 વર્ગખંડોની અછત છે અને કેટલીક શાળાઓ હયાત હોવા છતાં ભંગાર હાલતમાં છે.(4) ભણતર બાદ નોકરી મળવાની કોઈ શક્યતા જ નથી તેથી અત્યારથી જ મજૂરી કામમાં જ મળે તે ઘર પર બોજ ન બનતા ઘરને મદદ તો કરી શકાય? સુરતના જ કારખાનામાંથી 57 બાળમજૂર પકડાયાં, એક જ ટેમ્પામાં આવા 90 થી વધારે બાળકો બકરાની જેમ ભરેલી હાલતમાં પકડાયાં આ શું સૂચવે છે?

**અમરોલી - બળવંત ટેલર**

## મોંઘવારી વચ્ચે EVs તરફ વળતો સુરતનો પ્રવાહ

છેલ્લા કેટલાક દિવસોમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારાથી મધ્યમ વર્ગનાં પરિવારોનું માસિક બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. પરિવહન ખર્ચમાં વધારો થવાથી ફળો અને શાકભાજીથી લઈને દૂધ, કરિયાણા અને જાહેર પરિવહન સુધીની દરેક વસ્તુ મોંઘી થઈ ગઈ છે. આ વાતાવરણમાં, દેશભરનાં લોકો પરંપરાગત પેટ્રોલ અને ડીઝલ વાહનોને બદલે ઈલેક્ટ્રિક વાહનો (EVs) તરફ વધુ ને વધુ વળ્યાં છે. ગુજરાતનું ઔદ્યોગિક શહેર સુરત આ પરિવર્તનનું મુખ્ય ઉદાહરણ બની ગયું છે, જ્યાં છેલ્લા બે મહિનામાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણે અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે. સુરતમાં EVsની વધતી જતી લોકપ્રિયતા માત્ર ફેશન કે ટેકનોલોજીકલ આકર્ષણ નથી, તેની સરખામણીમાં, ગયા વર્ષે એપ્રિલમાં 987 અને મે મહિનામાં 1006 EV વેચાયાં હતાં. આ એક વર્ષમાં વેચાણમાં 100% થી વધુ વધારો દર્શાવે છે. ભારત પેટ્રોલિયમ અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ જેવી રાજ્ય માલિકીની કંપનીઓએ નાણાંકીય વર્ષ 2025-26 ના ચોથા ક્વાર્ટરમાં 28% થી 81% વધુ નફો નોંધાવ્યો છે. આમ છતાં, જનતાને ભાવમાં કોઈ રાહત મળી નથી. આ પ્રશ્ન ઊભો કરે છે કે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રુડ ઓઈલના ભાવ ઘટે ત્યારે ગ્રાહકોને તાત્કાલિક રાહત કેમ આપવામાં આવતી નથી.

**કાંતિલાલ માંડોત - સુરત**

## હાઈપર ટેન્શનનું ટેન્શન શું લેવું?

હાઈપર ટેન્શન કે હાઈ બીપી એક એવો રોગ છે જે વર્ષો સુધી છૂપો રહી શકે છે કેમકે આ રોગનાં કોઈ એક લક્ષણો ઘણી વખત જોવા મળતાં નથી.દુનિયાભરમાં હાઈપર ટેન્શનના એક પોઈન્ટ ચાર બિલિયન દર્દીઓ છે. પહેલાં સામાન્ય રીતે વૃદ્ધોમાં જોવા મળતા આ રોગ અત્યારે 30 વર્ષની વયનાં યુવાનોમાં પણ જોવા મળ્યો છે. ફાસ્ટફુડ અને ઈમોશનલ સ્ટ્રેસના જમાનામાં જીવતી જેન - ઝી પણ સાવચેત નહીં રહે તો તેમને પણ ઝપાટામાં લઈ શકે છે. હાયપર ટેન્શન ડબલ્યુ. એચ. ઓ. ના આંકડાઓ જોઈએ તો દુનિયામાં 30 થી 79 વર્ષની વય જૂથના દરેક ત્રીજા વ્યક્તિમાં હાઈપર ટેન્શન જોવા મળે છે. પણ વધુ ગંભીર બાબત એ છે કે આમાંથી 44% લોકો એ બાબતથી અજાણ છે. તેમને હાઈપર ટેન્શન છે આપણા દેશની હાલત પણ જુદી નથી. આપણે ત્યાં તો ઘણાં લોકો તો હાઈપર ટેન્શનને કોઈ રોગ જ નથી માનતા અને સામાન્ય તકલીફમાં માને છે.હાઈપર ટેન્શન એ ગંભીર રોગ છે. એમ કબજિયાતને અનેક રોગનું મૂળ માનવામાં આવે છે તે હાઈપર ટેન્શન પણ સમયસર કાબૂમાં ન કરવામાં આવે તો હૃદય રોગ,કિડની રોગ,બ્રેઈન સ્ટ્રોક અને અંધાપો જેવા રોગનું કારણ બની શકે છે. 17 મે ના રોજ વિશ્વ હાઈપર ટેન્શન દિવસ ગયો. એમાંથી સામાન્ય રીતે બ્લડ પ્રેશર દબાણ 80 થી 120 mmhg હોય છે દબાણ ઘટી 90 થી 140 થી વધી જાય તો હાઈપર ટેન્શન થયું ગણાય. હાઈપર ટેન્શન થવા માટે વધુ વજન, આહારમાં તેલ, નમકનો વધુ પડતો ઉપયોગ,રિફાઈન્ડ ખાદ્યો,દારૂ અને નીકોટીનનું વધુ સેવન, અનિયમિત જીવનશૈલી, કસરતનો અભાવ, આરામપ્રિયતા જેવાં કારણો જવાબદાર છે. મીઠું અને ચરબી જેમ વધુ ખાઈએ તેમ હાઈપર ટેન્શન થવાની શક્યતા વધુ હોય છે. પરંતુ આજકાલ દરેક વાનગી નમક અને ચરબીથી ભરપૂર હોય છે. એવા પેકેટના નાસ્તા, ચવાણું,ગાંઠિયા,વઘારેલા મમરા,પોટેટો ચિપ્સ, નમકીન બિસ્કીટ, વડાપાઉં,બર્ગર,નુડલ્સ, મંચુરિયન, ચટણી, સોડા, આચાર, પાપડ બધી વસ્તુઓ હાઈપર ટેન્શન વધારે છે. સોડિયમની માત્રા ઓછી અને પોટેશિયમની માત્રા વધુ લેવામાં આવે તથા નિયમિત યોગાસન, પ્રાણાયામ અને કસરત પણ બીપીને કાબૂમાં રાખે છે. વડા પ્રધાને પણ અપીલ કરી છે કે નમકનો વપરાશ 10% થી ઓછો કરો અને તંદુરસ્ત રહો. આવો, આ પ્રમાણે જીવીએ.

**યોગેન્દ્ર પટેલ - મોટા વરાછા સુરત**

## ડિજિટલ શિક્ષણઃ વરદાન કે અભિશાપ?

આજનો યુગ માહિતી અને સંચાર ટેકનોલોજીનો સુવર્ણયુગ છે. છેલ્લાં થોડાં વર્ષોમાં વૈશ્વિક પરિવર્તનને કારણે શિક્ષણ વ્યવસ્થા પરંપરાગત 'ચોક અને ટોક' માંથી બદલાઈને 'સ્ક્રીન અને ક્લિક' તરફ ઝડપથી વળી છે. આ સ્થિતિમાં એ મંથન કરવું પ્રાસંગિક બન્યું છે કે ડિજિટલ શિક્ષણ નવી પેઢી માટે અમૃત સમાન વરદાન છે કે પછી એક અદૃશ્ય અભિશાપ? ડિજિટલ શિક્ષણે જ્ઞાનના લોકશાહીકરણનું કામ કર્યું છે. તે ભૌગોલિક સરહદો ઓગાળીને ગ્રામીણ કે અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ સુધી પણ વિશ્વસ્તરીય શિક્ષકો, એનિમેશન અને ઈ-સંસાધનોને એક ક્લિક પર ઉપલબ્ધ કરાવે છે. સિક્કાની બીજી બાજુ ભારે ચિંતાજનક છે. લાંબો સમય સ્ક્રીન સામે વિતાવવાથી બાળકોમાં 'ડિજિટલ આઈ સિન્ડ્રોમ', એકાગ્રતાનો અભાવ અને અનિદ્રા જેવી શારીરિક-માનસિક વ્યાધિઓ વધી રહી છે. વર્ગખંડમાં જે સહજીવન, શિસ્ત, નૈતિકતા અને સહાનુભૂતિના પાઠ સહજતાથી શીખવા મળતા, તેનું સ્થાન ઓનલાઈન ક્લાસના બંધ રૂમે લઈ લીધું છે. કોઈપણ ટેકનોલોજી મૂલ્ય-તટસ્થ હોય છે; ડિજિટલ શિક્ષણ પરંપરાગત શિક્ષણનો 'વિકલ્પ' નથી, પણ 'પૂરક' ચોક્કસ છે. આજના સમયની માંગ માત્ર 'ડિજિટલ સાક્ષરતા'ની નથી, પણ સાથે 'ડિજિટલ શિસ્ત'કેળવવાની છે.

**ધવલસિંહ ચૌહાણ - (વાલિયા)**

## પલાખા

'પલાખા' શબ્દનું સ્થાન આજે રોજિંદી વાતચીતમાં પણ રહ્યું નથી. આ શબ્દ કયાંય સાંભળ્યો હોય એમ લાગતું નથી ખરૂં ને? પણ પહેલાં આ શબ્દ પ્રચલિત હતો. જે આજે વિસરાઈ ગયો છે. મારા જેવા સમવયસ્ક માટે આ શબ્દ જાણીતો છે.આ જેનઝી માટે કદી ન સાંભળેલો શબ્દ છે. આજે અમે બધા ભાઈબહેન ભેગાં થતાં ત્યારે એકબીજાને પલાખા પૂછતા 12 x 7 = કેટલા થાય 21 x 9 = ? અને અને બધા ફટાક દઈને જવાબ આપતા. અમારા ઘરમાં જમ્યા પછી એક એકા, અગિયાર એકા, એકવીસએકા, પાયા, અડધા અને પોણાના ઘડિયા બોલવાનો રિવાજ હતો અને એ પણ ચોપડીમાં જોયા વગર. આને લીધે અમને બધા ઘડિયા કંઠસ્થ થઇ જતા. સ્કૂલમાં જયારે ગણિતની મૌખિક પરીક્ષા લેવાતી ત્યારે પલાખા પૂછવામાં આવતા તેમાં અમારી આ રોજ બોલવાની પદ્ધતિ ખૂબ મદદરૂપ થતી. આજનાં વિદ્યાર્થીઓને તમે પલાખા, પૂછો જો પલાખા એટલે શું એમ તમને સામે સવાલ કરશે. અને તમે જો પૂછશો કે 4 x 9 કેટલા અથવા તો 25 + 29 = કેટલા થાય? તો તરત જ મોબાઈલમાં કેલકયુલેટરના સહારે જવાબ જોઈને આપશે.

**શીલા સુભાષ ભટ્ટ - સુરત**